**CC NO.** 39694_2025

**GJVD020423592025**

## <u>વડોદરાના ૭માં જયુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.</u>

ફરીયાદી– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી:– કૃણાલભાઈ ભીખાભાઈ સોલંકી
રહે. વડોદરા

**તહોમત–** **<u>બી.એન.એસ. કલમ: ૨૮૫ મુજબ.</u>**

**<u>– ચુકાદો –</u>**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૨.૦૧.૨૦૨૫ ના રોજ કલાક:૧૭.૨૫ વાગે મોજે માંજલપુરનાકા, દિપક ખમણવાળાની પાસે, માંજલપુર, વડોદરા ખાતે જાહેર રોડ ઉપર પોતાનો પથારો રાખી રસ્તા પર આવતા જતા વાહનો તથા રાહદારીઓને અડચણ થાય તે રીતે રાખી ગુનો કરી, **બી.એન.એસ.કલમ:૨૮૫** અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ, બી.એન.એસ.એસ. કલમ–૧૭૩ અન્વયે દાખલ કરેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે તેમજ આ તેઓનો પ્રથમ ગુનો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સાથે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** આજરોજ નેશનલ લોકઅદાલત છે, જેમાં ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા **બી.એન.એસ.કલમ:૨૮૫** માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહીં અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને ગુનાનો પસ્તાવો જણાય આવે છે. આમ, આ સંજોગોમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોક્ત ગુન્હામાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>– આખરી હુકમ –</u>**

**<u>અ.</u>** આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ૨૨૯ અન્વયે **બી.એન.એસ.કલમ:૨૮૫** ના ગુનામાં, કબુલાત આધારે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ:૦૮.૦૩.૨૦૨૫ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| વડોદરા.<br>તા. ૦૮.૦૩.૨૦૨૫<br><br>(લોપામુદ્રા શર્મા )/સ્ટેનોગ્રાફર. | **(લલિતા આઈ. ભાટી)**<br>**૭માં જયુડી.મેજી.ફ.ક.,વડોદરા**<br>**કોડ નં. જીજે ૦૧૬૫૬** |